بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**જમાઅતની સેવાને કોઇ સાધારણ સેવા ન સમજવી જોઇએ. હંમેશા યાદ રાખો કે અલ્લાહ તઆલાએ આ સ્પષ્ટ રીતે ફરમાવી દીધું છે કે તમોને સોંપેલ અમાનતો જેને તમે કાબૂલ કરો છો તમારા વચન છે માટે પોતાની અમાનતો અને વચનો પુરા કરો.**

સારાંશ ખુત્બા જુમ્મા સૈય્યદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.-15-07-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું.

પહેલાં હું એક ખુત્બામાં વર્ણન કરી ચુકયો છું કે આ જમાઅતી પદાધિકારની ચૂંટણીનું વર્ષ છે. હવે ઘણાં બધા સ્થાને ચૂંટણીઓ થઇ ચુકી છે દેશો તથા સ્થાયી જમાઅતોમાં પણ પદાધિકારીઓએ પોતાના કાર્યો સંભાળી લીધા છે. નવા આવેલ લોકોએ પણ અલ્લાહ તઆલાનો આભાર માનવો જોઇએ કે અલ્લાહ તઆલાએ તેમને જમાઅતની સેવા માટે પસંદ કર્યા અને સાથે જ નમ્રતા પૂર્વક અલ્લાહ તઆલા સામે ઝુંકતા અલ્લાહ તઆલાથી મદદ માંગવી જોઇએ કે અલ્લાહ તઆલા તેમને આ અમાનતોનો હક અદા કરવાની તૌફીક આપે જે તેમને સોંપવામાં આવી છે. તેવી જ રીતે જે પદાધિકાર ફરીથી ચૂંટાયા છે તે પણ અલ્લાહ તઆલાનો આભાર માને કે અલ્લાહ તઆલાએ તેમને ફરીથી આ સેવાનો અવસર આપ્યો તથા અલ્લાહ તઆલાથી નમ્રતા પૂર્વક દુઆ પણ કરે કે અલ્લાહ તઆલા તેમને તમામ ખુબીઓ સાથે આ અમાનતોનો હક અદા કરવાની તૌફીક આપે અને પાછલી સેવાઓ દરમિયાન જે સુસ્તી,ગફલત થઇ ગઇ જેનાં કારણે તેમને સોંપેલ અમાનતોનો હક અદા ન થઇ શકયો અલ્લાહ તઆલા તેનાંથી એક તો ફકત નજર ફરમાવે અને પછી પોતાનો ફઝલ ફરમાવતાં જે આગળ ત્રણ વર્ષ સુધી ફરીથી સેવાનો અવસર આપ્યો છે અને જે અમાનતો તેને સોંપવામાં આવી છે તેમાં આગળથી સુસ્તીઓ અને ગફલતો ન થાય અને તે અમાનતોનો હક અદા કરવાની અલ્લાહ તઆલા તૌફીક આપે. જમાઅતની સેવાને કોઇ સાધારણ સેવા ન સમજવી જોઇએ. હંમેશા યાદ રાખો કે અલ્લાહ તઆલાએ આ સ્પષ્ટ રીતે ફરમાવી દીધું છે કે તમોને સોંપેલ અમાનતો જેને તમે કાબૂલ કરો છો તમારા વચન છે માટે પોતાની અમાનતો અને વચનો પુરા કરો. એક સ્થાને અલ્લાહ તઆલાએ પોતાની વાતમાં સાચા અને તકવા પર ચાલનારની આ નિશાની બતાવી છે કે પોતાના વચનને જ્યારે કોઇ વચન કરી લે તો પુરા કરનાર છે. આમ આ એક બુનિયાદી વિવેક બુધ્ધિ હોવી જોઇએ ખાસ કરીને તે લોકોનો જે જમાઅતી કાર્યોની જીમ્મેદારી સંભાળે છે કે તે હંમેશા સચ્ચાઇ પર કાયમ રહેતાં અને પોતાના તકવાના ધોરણો ઉચા કરતાં કાર્ય કરે છે. જો તેમની સચ્ચાઇના ધોરણોમાં જરાય પણ કમી છે જો તેમના તકવાના ધોરણો એક જમાઅતના સામાન્ય વ્યકિત માટે નમૂનો નથી તો તે તેનાં વચન તથા પદાધિકાર તથા અમાનતનો હક અદા કરવા તરફ ધ્યાન નથી આપી રહ્યો. માટે ઉમરા તથા સદરાન સૌથી પહેલાં પોતાના નમૂના કાયમ કરે પોતાની આમલા સામે પણ અને જમાઅતના લોકો સામે પણ. જે સેક્રેટરી તરબિયત છે જેમને તરબિયતનું કાર્ય સોંપેલ છે તરબિયતનું કાર્ય ત્યારે જ બરાબર થઇ શકે છે જયારે નમુના કાયમ હોય જે કાર્ય કરનાર છે, જેની જીમ્મેદારી છે, બીજાને નસિહત કરનાર છે તે સ્વયં પણ આ કાર્યો પર અમલ કરનાર બને. આમ તરબિયતના સેક્રેટરીઓ પણ પોતાના નમૂના કાયમ કરે જમાઅતના લોકો સામે કેમકે જમાઅતની તરબિયતની જીમ્મેદારી તેમના પર છે. હું અનેક સ્થાને વર્ણન કરી ચુકયો છું કે જો વિભાગ તરબિયત કાર્યરત થઇ જાય તો ઘણાં બીજા વિભાગોનું કાર્ય સ્વયં થઇ જાય છે. જેટલાંજમાઅતના લોકોની તરબિયતના ધોરણ ઉચા હશે તેટલાં જ બીજા વિભાગોના કાર્યો આસાન થશે. દા.ત. સેક્રેટરી માલનું કામ આસાન થશે, સેક્રેટરી અમૂરઆમાનું કામ આસાન થશે, સેક્રેટરી તબ્લીગનું કામ આસાન થશે તેવી જ રીતે કઝાનું કામ આસાન થશે. હું અનેક સ્થાને ઘણી બધી

આમલા મીટીંગમાં કહેતો રહુ છું કે તરબિયતનું કાર્ય પહેલાં પોતાના ઘરેથી શરૂ કરો અને આ ઘર માત્ર તરબિયતના સેક્રેટરીનું ઘર નથી બલ્કે આમલાના પ્રત્યેક મેમ્બરનું ઘર છે અને મજલિસે આમલા સૌથી આગળ છે તે પોતાની તરબિયત કરે. જમાઅતના અમીર તથા સદર અને સેક્રેટરી તરબિયતએ સૌથી પહેલાં જે પણ પ્રોગ્રામ બનાવે છે પોતાની આમલાને જોવી જોઇએ કે તે આ પ્રોગ્રામો પર અમલ કરી રહી છે કે નહી. અને ખુદા તઆલાના જે બુનિયાદી આદેશ છે અને જે મનુષ્યની પૈદાઇશનુ ધ્યેય છે તેને આમલાના મેમ્બર પુરા કરી રહ્યા છે ? જો નથી તો તકવા નથી. અલ્લાહ તઆલાના અધિકારોમાં સૌથી મોટો અધિકાર ઇબાદતનો છે અને તેના માટે પુરુષોને આ આદેશ છે કે નમાઝનો બંદોબસ્ત કરો અને નમાઝનો બંદોબસ્ત સામૂહિક નમાઝની અદાઈગી છે. માટે ઉમરા,સદરાન,કાર્યસેવકો, પોતાની નમાઝોની હિફાઝત કરતાં તેનો બંદોબસ્ત અને સામૂહિક અદા કરવાની સંપૂર્ણ કોશિશ કરો તો જ્યાં તેનાથી આપણી મસ્જીદો આબાદ થશે ત્યાં તેઓ અલ્લાહ તઆલાના ફઝલોને પણ હાસેલ કરનાર થશે અને પોતાના અમલી નમુનાથી જમાઅતના લોકોની પણ તરબિયત કરનાર બનશે. અલ્લાહ તઆલાના ફઝલોના વારસદાર પણ થશે તેમના કામોમાં આસાની પણ પૈદા થશે. ફકત વાતો કરનાર ન થશે. આમ, કાર્યસેવકો પ્રથમ પોતાનુ નિરીક્ષણ કરે કે કયાં સુધી તેમની વાતો તથા કાર્યો એક છે. અલ્લાહ તઆલા ફરમાવે છે :

“હે મોમિનો તે વાતો કેમ કહો છો જે સ્વયં કરતા નથી.” હઝરત મસીહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે આ આયત જ જણાવે છે કે દુનિયામાં કહીને સ્વયં ન કરનાર પણ મોજુદ હતા અને છે અને થશે. ફરમાવ્યું કે તમે મારી વાત સાંભળી લો અને સારી રીતે યાદ કરી લો કે ઇન્સાનની વાર્તાલાપ સાચા દિલથી નથી અને અમલી તાકાત તેનામાં ન હોય તો અસર સ્વીકાર્ય નથી હોતી.

આપણા અમલ તથા વાતમાં વિરોધ ન હોવો જોઇએ આ વાતને સામે રાખીને પોતાના નિરીક્ષણ કરનાર અમારા કાર્યસેવકો હોવા જોઇએ. જ્યાં દુરી છે અથવા થોડા ઘર છે અને મસ્જીદ તથા સેન્ટરની સહુલત નથી ત્યાં નમાઝનો બંદોબસ્ત ઘરોમાં થઇ શકે છે અને આ ખરેખર મુશ્કેલ નથી. આ તો એક બુનિયાદી વસ્તું છે ઇબાદત અને આ જ ઇન્સાનની પૈદાઇશનો હેતુ છે અને તેનો હક આપણે અદા કરવો જ છે અને તેમાં ખાસ કરીને કાર્યસેવકોની આળસ બિલકુલ હોવી ન જોઇએ બલ્કે કોઇ પણ વાસ્તવિક મોમિન તરફથી હોવી ન જોઇએ. કોઇ પદાધિકારી અફસર બનવાના ખ્યાલ અથવા બનાવવાના અનુધ્યાનથી કોઇ સેવામાં નિયુકત નથી કરવામાં આવતો બલ્કે ઇસ્લામમાં તો પદાધિકારીનો તસ્વુર જ બિલકુલ અલગ છે અને આંહઝરત સ.અ.વ.એ તેને આ રીતે બયાન ફરમાવ્યું કે કોંમનો સરદાર કોંમનો સેવક હોય છે. અમુક વાર કાર્યસેવકને અમુક વાતો પણ સાંભળવી પડે છે જો સાંભળવી પડે તો સાંભળી લેવી જોઇએ. આ નિરીક્ષણ તો કાર્યસેવક સ્વયં લઇ શકે છે કે તેમની આ સહન શકિત કેટલી છે અને નમ્રતાની હદ કેટલી છે. અમુક વાર કાર્યસેવકોના એવા મામલા પણ આવે છે કે સહન નથી થતુ અને જો કોઇ બીજો અશિષ્ટતા કરી રહ્યો છે તો તે પણ તકરાર શરૂ કરી દે છે અને આવા દાખલા અમુક સ્થાનેથી મળે છે મસ્જીદોમાં પણ ઝઘડા શરૂ થઇ જાય છે તે બાળકો અને નવજુવાનો પર ખોટો અસર પડે છે.

કાર્યસેવકો પાસે અથવા કેન્દ્રથી રિર્પોટમોકલવા માટે અમુક મામલાઓ મોકલવામાં આવે છે તો અસાવધાનીથી મામલાની રિર્પોટ આપે છે સારી રીતે ખોજ નથી કરતા અને રિર્પોટ મોકલી દે છે અથવા મામલાને એવો લટકાવી દે છે કે જો કોઇ જરૂરતમંદની જરૂરત પુરી કરવા માટે કોઇ અરજી આવે છે તો સમય પર જરૂરત પુરી ન થવા પર તેને નુકસાન થઇ જાય છે અથવા તકલીફ વેઠવી પડે છે. જો તેમના પોતાના મામલા હોય અથવા પોતાના સંબંધીના મામલા હોય તો મહત્ત્વ આપે છે. માટે વાસ્તવિક સેવાનો જોશ,કુરબાનીનો જોશ,પોતાની અમાનતનો ખરો હક અદા કરવું તો એ છે કે એક ચિંતા સાથે બીજાના કામમાં આવવું જોઇએ અને જ્યારે આ બલિદાનની સમજ અને બીજાની તકલીફ પોતાની તકલીફ સમજીને કામ કરવામાં આવે તો જમાઅતના લોકોનો પણ કુરબાનીના ધોરણ વધશે. એક બીજાના હક માર્યા કરતા આપવા તરફ ધ્યાન થશે. આપણે બીજા લોકો સામે તો આ કહીએ છીએ કે

દુનિયામાં શાંતિ ત્યારે સ્થાપિત થઇ શકે છે જ્યારે પ્રત્યેક સ્તર પર હક લેવા અને અધિકારોના માર્યા વગર ,હક આપવા અને બલિદાનની ભાવના ઉત્પન્ન થાય પરંતુ જો આપણી અંદર આ સ્તર નથી તો આપણે એક એવું કામ કરી રહ્યા છીએ કે અલ્લાહ તઆલાને પસંદ ન હશે. પછી એક ગુણ જે ખાસ કરીને કાર્યસેવકોમાં હોવો જોઇએ,તે વિનમ્રતા છે. જો કોઇ પદાધિકારીના દિલમાં પોતાના પદના કારણે કોઇ પણ પ્રકારનુ ઘમંડ પૈદા થાય છે તો તેણે યાદ રાખવું જોઇએ કે આ વસ્તું અલ્લાહ તઆલાથી દુર કરે છે અને જ્યારે ખુદા તઆલાથી ઇન્સાન દુર થઇ જાય છે તો પછી કામમાં બરકત નથી રહેતી અને પછી એવો વ્યકિત જમાઅતના લાભના સ્થાને હાનિનું કારણ બની જાય છે.

પછી એક વિશેષતા કાર્યસેવકમાં આ પણ હોવી જોઇએ કે તે પોતાના આધીન લોકોથી સુંદર વ્યવહાર કરે. પછી આ સુંદર વ્યવહાર સાથે પોતાના નાયબો અને આધીન લોકોને કાર્ય સિખવાડવાનું પણ પ્રયત્ન કરવો જોઇએ જેથી જમાઅતના કામને સુંદર રીતે ચલાવવા માટે હંમેશા કાર્યકર્તા તૈયાર થતા રહે. હઝરત ખલીફતુલ મસીહ તૃત્તીયના સમયમાં એક કાર્યસેવકની ધારણા હતી કે મારા વિવેક તથા પરિશ્રમના કારણે આર્થિક વ્યવસ્થા ખુબ ઉત્તમ રૂપથી ચાલી રહી છે. હઝરત ખલીફતુલ મસીહ તૃતીયને જ્યારે આ જાણ થઇ તો આપે તેને હટાવીને એક એવા વ્યકિતને આ કાર્ય પર નિયુકત કરી દીધો કે જેને અર્થ વ્યવસ્થાનો ''અ'' અને ''બ'' પણ ન આવડતું હતું પરંતુ આ કેમ કે અલ્લાહ તઆલાનું કામ છે અને ખલીફા એ વકત સાથે અલ્લાહ તઆલાનો જે વ્યવહાર છે તેના કારણે નવા આવનાર અફસરોને, જેને કઇ પણ ખબર ન હતી તેના કામમાં એટલી બરકત પડી કે તેનાં પહેલાં કદાપી વિચાર્યુ ન હતું. કાર્યસેવકોને તો અલ્લાહ તઆલા અવસર પ્રદાન કરે છે, જમાઅતના કાર્યકર્તાઓને તો અલ્લાહ તઆલા આ અવસર આપે છે, વાકફીને જીંદગીને તો ખુદા તઆલા અવસર આપે છે કે તેઓ જમાઅતની તથા ધર્મની સેવા કરીને અલ્લાહ તઆલાના ફઝલોના વારસદાર બનો નહિંતર કામ તો સ્વયં ખુદા તઆલા કરી રહ્યો છે અને આ તેને વાયદો છે માટે કોઇના દિલમાં આ વિચાર ન આવવો જોઇએ કે મારો અનુભવ તથા મારૂ જ્ઞાન જમાઅતના કામને ચલાવી રહ્યો છે.

અમીર, સદર, સેક્રેટરીઓનો આ પણ એક મોટું મહત્ત્વપૂર્ણ કાર્ય છે કે કેન્દ્રથી જે પણ નિર્દેશ જાય છે અથવા સર્કુલર જાય છે તેના અનુસાર તરત જ અને ધ્યાન પૂર્વક કાર્ય કરે તથા કરાવવામાં આવે પોતાની જમાઅત દ્વારા પણ. અમુક જમાઅતો વિશે આ ફરિયાદો મળે છે કે કેન્દ્રના નિર્દેશો પર પૂર્ણ રૂપથી ધ્યાન નથી અપાતો આ કોઇ પણ રીતે ઉચિત નથી કે પોતાની બુધ્ધિ લડાવતાં આ નિર્દેશને એક બાજુ મુકી દે તથા તેના અનુસાર કામ ન કરાવવામાં આવે તથા ન કેન્દ્રને જાણ કરવામાં આવે.

મૂસિયોના વિષયમાં આ પણ કહેવા ચાહું છું કે પહેલી વાત તો મૂસિયોએ આ યાદ રાખવી જોઇએ જે પોતાના ચંદાની યથાવત અદાઇગી તથા તેનો હિસાબ રાખવું પ્રત્યેક મૂસીનું કર્તવ્ય છે પરંતુ કેન્દ્રીય કાર્યાલય તથા તેના સેક્રેટરીઓનું પણ કામ છે કે પ્રત્યેક મૂસીનો હિસાબ રાખે તથા આવશ્યકતા અનુસાર તેમને યાદ પણ અપાવતા રહે કે તેમના ચંદા સ્થિતિ શું છે.

તેવી જ રીતે એક વાત મુરબ્બી અને મુબલ્લિગોના સંદર્ભમાં પણ કહેવા ચાહું છું. અમુક સ્થાને મુબલ્લિગોની યથાવત મીટિંગઝ નથી થતી . મુબલ્લિગ ઇન્ચાર્જ આ વાત માટે જીમ્મેદાર છે કે આ મીટીંગ યથાવત થાય. જમાઅતની તરબિયત પ્રશિક્ષણ તથા તબલિગના કામોનું નિરીક્ષણ થાય, જો સારૂ કામ કોઇએ કર્યુ છે તો તેના વિષયમાં ચર્ચા થાય. તેવી જ રીતે જમાઅતના સેક્રેટરીઓ જે જમાઅતોને નિર્દેશ આપે છે અથવા કેન્દ્રના નિર્દેશ અનુસાર જમાઅતોને જે નિર્દેશ મોકલાવવામાં આવે છે તેના વિશે રિપોર્ટ પણ આપે . મુરબ્બી એ પણ જુવે કે પ્રત્યેક જમાઅતમાં આ સંબંધમાં કેટલું કાર્ય થયું છે. અને જ્યાં સેક્રેટરી સક્રીય નથી , ખાસ કરીને તબલીગ, તરબિયત અને ધનની કુરબાની ના વિષયમાં. ત્યાં મુરબ્બી તથા મુબલ્લિગ તેમને ધ્યાન અપાવે.

અલ્લાહ તઆલા તમામ પદાધિકારીઓ તથા કાર્યસેવકોને તૌફિક આપે કે તેમને અલ્લાહ તઆલાએ ત્રણ વર્ષ માટે જે સેવાનો અવસર આપ્યો છે તેમાં તેઓ અધિકથી અધિક કાર્યો પોતાની તમામ ખુબીઓ, પ્રતિભાઓ સાથે સમ્પન્ન કરી શકે તથા પ્રત્યેક કથની તથા કરનીથી જમાઅતમાં નમૂનો બનનાર થાય.

અમીન.

----------------------------------------

| Khulasa Khutba Jumma Huzoor Anwar 15 July 2016 |
| --- |
| BOOK POST (Printed Matter)<br>To,.........................................................................................<br>.............................................................................................<br>.............................................................................................<br>From: Masroor Manzil, Al-Aman soc. Narol, Ahmedabad-382405 Gujarat. |